નવી બાબત વર્ષ ૨૦૨૩-૨૪

આદર્શ નિવાસી શાળા, ખમીસણા,

જિ.સુરેન્દ્રનગરમાં સેનિટેશનની

સુવિધા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/EOE/e-file/17/2023/0258/G

સચિવાલય, ગાંધીનગર

તા.૨૧/૦૪/૨૦૨૩

વંચાણમાં લીધાં:

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૦૭/૦૧/૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/ગ/૭/૨૦૨૨-૨૩/૧૯૯-૨૦૦

(૨) નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૯/૦૩/૨૦૨૩ નો પત્ર ક્રમાંક:અજાક/ગ/૭/૨૦૨૨-૨૩/૧૪૧૫-૧૬

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને રહેવા, જમવા તથા અભ્યાસની નિ:શુલ્ક સુવિધાઓ આપવા માટે ધોરણ-૯ થી ૧૨ ની આદર્શ નિવાસી શાળાઓ કાર્યરત છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૦૭/૦૧/૨૦૨૩ ના પત્રથી આદર્શ નિવાસી શાળા, ખમીસણા, જિ.સુરેંદ્રનગરના સરકારી મકાનમાં સેનિટેશન અને અન્ય સુવિધાઓ માટે ૩.૨૦.૦૦ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જેનો વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવતાં, નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૨૯/૦૩/૨૦૨૩ના પત્રથી આદર્શ નિવાસી શાળા, ખમીસણા, જિ.સુરેન્દ્રનગરના સરકારી મકાનમાં સેનિટેશન અને અન્ય સુવિધાઓ માટે ૩.૨૦.૦૦ લાખની વર્ષ ૨૦૨૩-૨૪ ની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

(પાછળ)

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, આદર્શ નિવાસી શાળા, ખમીસણા, જિ.સુરેંદ્રનગરના સરકારી મકાનમાં સેનિટેશન અને અન્ય સુવિધાઓ માટે ૩.૨૦.૦૦ લાખની વર્ષ ૨૦૨૩-૨૪ની નવી બાબતને નીચે મુજબની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

a. આ યોજનાના આયોજન અને અમલીકરણ માટે GIDB ના તા:૩૦/૩/૨૨ ના પત્ર મુજબ PM Gati Shakti Gujarat – Integrated Master plan Portal સાથે Linkage કરી Integration Completion Certificate with unique Project Id મેળવી લેવાનું રહેશે.

b. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે તત્કાલિન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

c. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

d. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્કઓર્ડર આપવાના રહેશે.

e. રેલવે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી ક્લિયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

f. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુનર્વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

g. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

h. આ યોજના ની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkages ની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાની રહેશે

i. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.